# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**કોર્ટ પરની સામાન્ય ચૂંટણીની જાહેરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૬ વર્ગ–ર (એ) તથા સ્ટેચ્યુટ–૫ (ર) અન્વયે જાહેરાત ક્રમાંક : ૩૪/ર૦૧૭**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અધિનિયમ ૧૯૮૬ હેઠળ યુનિવર્સિટી કોર્ટ પર જુદા જુદા મતદાર વિભાગોની ચૂંટણી યોજવામાં આવનાર છે. વિવિધ મતદાર વિભાગોની મતદાર યાદીઓ તા.૦૬/૧૧/ર૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી છે. સદરહું મતદાર યાદી યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in પર જોઈ શકાશે તથા રજાના દિવસો સિવાય બપોરના ૧ર–૦૦ વાગ્યાથી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં તે જોવા માટે ઉપલબ્ધ છે.

મજકૂર મતદાર યાદીઓમાં કોઈ સુધારા કરવાની જરૂર જણાય તો તે સુધારા આ યુનિવર્સિટીના સ્ટેચ્યુટસ–૫ (૩) માં કરેલી જોગવાઈ અનુસાર ચૂંટણીના ઓછામાં ઓછા ર૫ દિવસ અગાઉ કુલપતિશ્રીના ધ્યાન ઉપર લાવવા જોઈએ. તે માટેની લેખિત અરજી મોડામાં મોડી તા.ર૩/૧૧/ર૦૧૭ સુધીમાં કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ–૩૮૪ ર૬૫ ને મળે તે રીતે મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ યુનિવર્સિટી એકટ તથા સ્ટેચ્યુટની જોગવાઈઓ મુજબ વિવિધ મતદાર વિભાગોની મતદાર યાદીઓ આખરી કરવામાં આવશે.

મતદાર યાદીઓની છાપેલી નકલ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વેચાતી મળી શકશે તેમજ લેખીત માંગણી કર્યેથી ઉમેદવારીપત્રો કોઈપણ મતદારને તા.ર૭/૧૧/ર૦૧૭ થી આપવામાં આવશે.

સ્થળ : પાટણ–૩૮૪ ર૬૫ (ઉ.ગુ.) — આદેશથી

તારીખ : ૧૦/૧૧/ર૦૧૭ — (ડાં.ધ.મ.પટેલ)

કા.કુલસચિવ